# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ००७

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/183 Dt. 14/10/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## સુરત અને ઉધના રેલ્વે સ્ટેશનો પર મુસાફરોને થતી તકલીફો અંગે ચેમ્બર દ્વારા ભારતના કેન્દ્રિય રેલ્વે મંત્રીશ્રીને રજૂઆત કરાઇ

### દિવાળી દરમિયાન સુરત – સૌરાષ્ટ્ર વચ્ચે હોલિડે સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવાની ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કેન્દ્રિય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવને વિનંતી કરવામાં આવી

### કેન્દ્રિય રેલ્વે મંત્રીશ્રીને ચેમ્બરના સભ્યો સાથે 'ઓપોર્ચ્યુનિટીઝ ઓફ બિઝનેસ વીથ ઇન્ડિયન રેલ્વેઝ' વિષે ઇન્ટરેક્ટિવ સેશનમાં ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાના નેજા હેઠળ ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. વિજય રાદડીયા અને ચેમ્બરની એસોસીએશન લાયઝન કમિટીના કો–ચેરમેન શ્રી અતુલ પટેલ સહિતના પ્રતિનિધિ મંડળે ભારતના કેન્દ્રિય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળી સુરત અને ઉધના રેલ્વે સ્ટેશનો પર મુસાફરોને પડતી વિવિધ સમસ્યાઓના નિવારણ માટે તથા દિવાળી દરમ્યાન મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે સુરત – સૌરાષ્ટ્ર વચ્ચે હોલિડે સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવા માટે વિગતવાર રજૂઆત કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રેલ્વે મંત્રીને કરાયેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, સુરત શહેર રાષ્ટ્રીય સ્તરે એક મહત્વપૂર્ણ વેપાર અને પરિવહનનું કેન્દ્ર છે તેમ છતાં સુરત અને ઉધના બંને રેલ્વે સ્ટેશનો પર મુસાફરો માટેની મૂળભૂત સુવિધાઓમાં અનેક ખામીઓ જોવા મળે છે, જેને તાત્કાલિક ધોરણે સુધારવાની જરૂર છે.

ઉધના રેલ્વે સ્ટેશને યોગ્ય પાર્કિંગ સુવિધાનો અભાવ હોવાથી વાહનો પાર્ક કરવા મુશ્કેલી પડે છે અને તેને કારણે ટ્રાફિક જામ થાય છે. પાર્કિંગ ઝોનની આસપાસ અનધિકૃત રિક્ષા અને અસામાજિક તત્વોના કારણે મુસાફરોમાં અસુરક્ષાની લાગણી ફેલાય છે. પ્લેટફોર્મ વચ્ચે સલામત કનેક્ટિવિટીનો અભાવ હોવાથી ખાસ કરીને વૃદ્ધ અને દિવ્યાંગ મુસાફરો માટે મુશ્કેલી ઉભી થાય છે. પોર્ટર સેવા નિયમનની અછત હોવાથી વધારે ચાર્જ ચૂકવવો પડતો હોવાથી અનેક ફરિયાદો મુસાફરો તરફથી મળે છે. આ ઉપરાંત, સીનિયર સિટિઝન માટે સુવિધાઓનો અભાવ અને પ્લેટફોર્મ પર શેડ ન હોવાને કારણે મુસાફરોને તડકો અને વરસાદનો સામનો કરવો પડે છે.

એવી જ રીતે સુરત રેલ્વે સ્ટેશને પ્લેટફોર્મ નં. ૨, ૩ અને ૪ ખાતે શેડ ન હોવાને કારણે મુસાફરોને તડકો અને વરસાદનો સામનો કરવો પડે છે. પ્લેટફોર્મ નં. ૨ અને ૩ ખાતે એસ્કેલેટરની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી વૃદ્ધ, ગર્ભવતી મહિલાઓ અને દિવ્યાંગ મુસાફરોને મુશ્કેલી પડે છે. સુરત રેલ્વે સ્ટેશને પણ પૂરતી પાર્કિંગની અછત અને અવ્યવસ્થાને કારણે વાહન વ્યવહારમાં મુશ્કેલી ઉભી થાય છે. અગાઉ ઉપલબ્ધ સીનિયર સિટિઝન માટેની ઈલેક્ટ્રિક વાહન સેવા (ઇવી સર્વિસ) બંધ કરી દેવામાં આવી છે, જે તાત્કાલિક ફરી શરૂ કરવાની જરૂર છે.

ચેમ્બર દ્વારા સુરત રેલ્વે સ્ટેશને નિયમિત અને વ્યવસ્થિત રિક્ષા સેવા શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી, જેમ કે દિલ્હી, બેંગલુરુ અને તિરુઅનંતપુરમ જેવા મોટા સ્ટેશનો પર આ સેવા ઉપલબ્ધ છે.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રેલ્વે મંત્રીને વિનંતી કરવામાં આવી હતી કે, સુરત અને ઉધના રેલ્વે સ્ટેશનો પર મુસાફરો માટેની મુળભુત સુવિધાઓમાં તાત્કાલિક સુધાર કરવામાં આવે. પ્લેટફોર્મ પર છાંયડો, પાર્કિંગ વિસ્તરણ, એસ્કેલેટરની સુવિધા, સિનિયર સિટિઝન સુવિધા પુનઃસ્થાપિત કરવી તથા અસામાજિક તત્વો પર નિયંત્રણ જેવી કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવે તેવી રજૂઆત કરાઇ હતી.

આ ઉપરાંત, ચેમ્બર દ્વારા રેલ્વે મંત્રીશ્રીને સુરત શહેરમાંથી સૌરાષ્ટ્રના વિવિધ શહેરો જેવા કે રાજકોટ, ભાવનગર, જામનગર, મહુવા, ગાંધીધામ વગેરે માટે દિવાળી વેકેશન દરમિયાન હોલિડે સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવાની પણ વિનંતી કરવામાં આવી હતી. દિવાળી દરમિયાન વધતા મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે વધારાની ટ્રેનો શરૂ કરવામાં આવે તેમજ આ ટ્રેનોને ઉત્રાણ રેલ્વે સ્ટેશન પર હોલ્ટ આપવામાં આવે, જેથી સુરત અને ઉધના રેલ્વે સ્ટેશન પરથી મુસાફરોનો ધસારો ઓછો થાય.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ભારતના કેન્દ્રિય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવને સુરતની મુલાકાત લઈ ચેમ્બરના સભ્યો સાથે 'ઓપોર્ચ્યુનિટીઝ ઓફ બિઝનેસ વીથ ઇન્ડિયન રેલ્વેઝ' વિષે ઇન્ટરેક્ટિવ સેશનમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું, જેમાં પધારીને સુરતના ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને સંબોધવાની રેલ્વે મંત્રીશ્રીએ ખાત્રી આપી હતી.

કેન્દ્રિય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરાયેલી રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી હતી અને તાત્કાલિક જરૂરી પગલાં લેવા બાબતે અધિકારીઓને સૂચના આપવાની ખાત્રી આપી હતી. ચેમ્બર દ્વારા જણાવવામાં આવ્યું કે, ચેમ્બર ઓફ કોમર્સ હમેશા સુરત શહેરના વિકાસ અને શહેરીજનોના હિત સંબંધિત મુદ્દાઓ માટે સક્રિય રીતે રેલ્વે વિભાગને સહયોગ આપતું રહેશે.